૫૦૨ / ૫,૦૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૯ જૂન, ૨૦૦૫)

(સમય : બપોરે ૧૨ : ૦૦ થી ૧ : ૩૦) **સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૨** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ-૧ : કિશોર સત્સંગ પરિચય - નવમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૫

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''સહજાનંદ સ્વામી એ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનો અવતાર છે.'' ૪૫

૨. ''હાલમાં તો સ્વામિનારાયણ - મારા ઈષ્ટદેવ એવા ભગવાન છે.'' ૧૦

૩. ''સાધુ તો અમારા બાપ છે.'' ૩૬

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (ત્રણ થી ચાર લીટીમાં)** (૪ ગુણ)

૧. મહારાજે ગલુજીને વડથલ બોલાવ્યા. ૭

૨. મૂર્તિપૂજા મુમુક્ષુઓ માટે મુક્તિનું દ્વાર છે. ૧૨

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૪ ગુણ)

૧. નાજા જોગિયાની મહારાજે કરેલી રક્ષા ૧૭

૨. અધ્યાત્મ વિવેક ૧

૩. મિત્રભાવ ૧૪

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૫ ગુણ)

૧. કયા કયા પાંચ ભેદ ઓળખવાની જરૂર છે ? ૮૫

૨. સમુદ્ર સમાધિમાં ગોરધનભાઈએ શું જોયું ? ૯૨

૩. શબ્દને માર્ગે કોનું મરણ થાય છે ? ૮૧

૪. મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલતાં શ્રીજીમહારાજે શું કહ્યું ? ૭૩

૫. જ્ઞાનનું અને અખંડ મૂર્તિ દેખ્યાનું શું ફળ છે ? ૮૪

**પ્રશ્ન.૫. નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** (૫ ગુણ)

જેમ ગાય છે ............ ૭૯

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૬ ૪૯

**પ્રશ્ન.૬. નીચેનાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** (૮ ગુણ)

૧. અક્ષર પર આનંદઘન ....... હોત જન નિષ્કામ ૬૬

૨. निजतत्त्व ...... भजे सदा॥ ૩૧

૩. क्रोधाद् भवति ...... नाशात्प्रणश्यति ॥ ૮૮

૪. હે હરિ હરિ પ્રભુ ....... તેના છો હરનાર ૬

### વિભાગ-૨ : પ્રાગજી ભક્ત - આઠમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૨

**પ્રશ્ન.૭. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૪ ગુણ)

૧. ''મેં નથી મૂક્યા, સ્વામિનારાયણે મૂક્યા છે.'' ૪૪

૨. ''આ વનનું મૃગલું ક્યાંથી આવ્યું ?'' ૬

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (ત્રણ થી ચાર લીટીમાં)** (૪ ગુણ)

૧. નડિયાદમાં ભગતજીએ બારોટ હરિભક્તને ઠપકો આપ્યો. ૩૪

૨. સ્વામીની આજ્ઞા મળતાં જ પ્રાગજી ભક્ત ગિરનાર બોલાવવા દોડ્યા. ૧૨

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૯ જૂન, ૨૦૦૫ પરીક્ષા : સત્સંગ પરિચય-૨ માધ્યમ : ગુજરાતી સમય : બપોરે ૧૨ : ૦૦ થી ૧ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૫૦૨**

| | |
|---|---|
| પરીક્ષાર્થીની અટક :- | પરીક્ષા આપી તે તારીખ :- |
| પરીક્ષાર્થીનું નામ :- | પરીક્ષા આપી તે સમય :- |
| પિતા / પતિનું નામ :- | બેઠક ક્રમાંક :- |
| પરીક્ષા સ્થળનું નામ :- | કેન્દ્ર નંબર :- |
| પરીક્ષાર્થીની સહી :- | કેન્દ્રનું નામ :- |

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** **(૫ ગુણ)**

૧. પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું ૩૦
૨. થોરે કેળાં ૧૭
૩. સત્સંગમાં કુસંગ ૨૬

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૫ ગુણ)**

૧. સાચા ગુરુ શું કરે ? ૫૩
૨. વિજ્ઞાનાનંદ સ્વામીએ કઈ વાતની સાક્ષી પૂરી ? ૩૩
૩. વિજ્ઞાનદાસજીનો અક્ષરવાસ કયાં થયો ? ૪૬
૪. મહુવાના પ્રતિષ્ઠિતોએ આચાર્ય મહારાજને કયો પ્રશ્ન પૂછયો ? ૨૯
૫. રંગાચાર્યને ભગતજીનાં દર્શન સૌ પ્રથમ ક્યાં અને ક્યારે થયાં ? ૪૧

**પ્રશ્ન.૧૧. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** **(૬ ગુણ)**

**નોંધ : એક કે એકથી વધારે જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભાદરોડમાં ભગતજી મહારાજે સૌને અપાર સુખ આપ્યું. ૩૯
(અ) સવારે વહેલા ઉઠાડી સૌને કથામાં બેસાડતા.
(બ) મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવા માટે યોગની પ્રક્રિયાઓ કરાવતા.
(ક) સંતોને ત્રણ દિવસ ઉપવાસ અને એક દિવસ જમવાનું એવું આકરું વ્રત શરૂ કરાવ્યું.
(ડ) ઉપવાસને દિવસે સંતોને છાશ માગવા મહુવામાં મોકલતા.

૨. પ્રાગજી ભક્તે કમા શેઠને કહેલો સ્વામીનો મહિમા. ૨૪
(અ) કમા શેઠે પ્રાગજી ભક્તને લાત મારી. (બ) રાત્રે મહારાજે કમા શેઠને દર્શન દીધાં.
(ક) સ્વામીએ સ્વપ્નમાં કમા શેઠને પ્રાગજી ભક્તની માફી માગવા કહ્યું. (ડ) કમા શેઠે પ્રાગજી ભક્તને પગે લાગી ધોતિયું ઓઢાડ્યું.

૩. ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કોને કોને કહ્યો ? ૨૩-૨૪
(અ) ત્રિકમદાસ (બ) શુકાનંદ સ્વામી
(ક) વાઘા ખાચર (ડ) યજ્ઞપુરુષદાસજી

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. વિજ્ઞાનદાસજીને વિચાર આવ્યો કે જ્યાં ભગતજીનું અપમાન થયું હતું ત્યાં જ ભવ્ય સન્માન થવું જોઈએ. ૪૯
૨. અમદાવાદ મંદિરના મહંતને કહી સ્વામી પ્રાગજી ભક્તને ખાવાનું મોકલતા. ૨૯
૩. ભગતજીના મોટાભાઈ વિઠ્ઠલભાઈને કાળો નાગ કરડ્યો. ૫૭
૪. ત્યાગી થઈને બ્રહ્મચર્યનું વ્રત ન પાળે તેને ધિક્કાર છે. ૪૩

## વિભાગ-૩ : ''સત્સંગ પ્રવેશ'' પરીક્ષાનાં પુસ્તકોના આધારે

**પ્રશ્ન.૧૩. નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો. (કોઈપણ ત્રણ)** **(૧૫ ગુણ)**

૧. નીલકંઠ બોચાસણમાં (નીલકંઠ ચરિત્ર) (૬૮) **અથવા** ૧. ધર્મનો ઉપદેશ (નીલકંઠ ચરિત્ર) (૪૦)
**અથવા** ૧. નરસિંહ મહેતાને દર્શન (નીલકંઠ ચરિત્ર) (૮૧)
૨. ખૈયાખત્રી સાથે શાસ્ત્રાર્થ ચર્ચા (સ.વા.ભા.-૧) (૫) **અથવા** ૨. આત્માનંદ સ્વામી (કિ.સ. પ્રવેશ) (૨૬)
૨. વિષમ પરિસ્થિતિમાં આશાભાઈની સેવા (સ.વા.ભા.- ૧) (૫૭) **અથવા** ૨. દુબળી ભટ્ટ (કિ.સ. પ્રવેશ) (૩૪)
૩. અક્ષરપુરુષોત્તમની ઝોળી (શા.મ.) (૭૪) **અથવા** ૩. ગુણાતીત માટે મૂંડાવ્યું છે. (શા.મ.) (૬૬)
**અથવા** ૩. સંતોની પ્રેરણા (શા.મ.) (૩૮)

**નોંધ : ઉપરોક્ત પ્રશ્ન.૧૩માં જે ટૂંકનોંધોની યાદી છે તેમાંથી ત્રણ ટૂંકનોંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૭ જુલાઈ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋